*KA-2014*

# KA-2014

## First Year B. A. (Sem. I) Examination

**September/October – 2012**

## Gujarati : Paper - I (Padhya)

***(001 : Ranyagna)***

***(New Course)***

Time : Hours] [Total Marks : **70**

**સૂચના :**

(૧)

નીચે દર્શાવેલ ☛ નિશાનીવાળી વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.
**Fillup strictly the details of ☛ signs on your answer book.**

Name of the Examination :

☛ **F. Y. B. A. (Sem. 1)**

Name of the Subject :

☛ **Gujarati : Paper - 1 (New)**

☛Subject Code No. : **2 0 1 4** ☛Section No. (1, 2,.....) : **Nil**

Seat No. :

Student's Signature

(૨) આ પ્રશ્નપત્રમાં કુલ ચાર પ્રશ્નો છે.

૧ ''મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના પુરોગામી અને અનુગામી કવિઓમાં સર્વશ્રેષ્ઠ તો પ્રેમાનંદ જ.'' - પ્રસ્તુત વિધાનની સમીક્ષા કરી પ્રેમાનંદના જીવન-કવન વિશે ચર્ચા કરો. ૧૭

**અથવા**

૧ ''આખ્યાન આપણા મધ્યકાલીન સાહિત્યનું અપૂર્વ અને મૂલ્યવાન અંગ છે.'' - મનસુખલાલ ઝવેરીના પ્રસ્તુત વિધાનની સમીક્ષા કરો. ૧૭

૨ ''પ્રેમાનંદે લોક હૃદયને આકર્ષ્યું પોતાની કથન-કલાથી, પાત્રાલેખનથી અને પુરાણકથાના આવા ગુજરાતીકરણથી, પણ તેને વશ કર્યું છે પોતાની રસપ્રભુતાથી'' - 'રણયજ્ઞ' સંદર્ભે શ્રી અનંતરાય રાવળનાં પ્રસ્તુત વિધાનની સવિસ્તર ચર્ચા કરો. ૧૮

**અથવા**

૨ આખ્યાન કાવ્યસ્વરૂપનાં લક્ષણો ધ્યાનમાં રાખી, 'રણયજ્ઞ'નું આખ્યાનકાવ્ય તરીકે મૂલ્યાંકન કરો. ૧૮

૩ ''પ્રેમાનંદની પાત્રસૃષ્ટિ સજીવ, વૈવિધ્યસભર અને બહુવિધ છે.'' ૧૭
- 'રણયજ્ઞ' સંદર્ભે તેની પાત્રસૃષ્ટિને મૂલવો.

**અથવા**

૩ ટૂંકનોંધ લખો : ૧૭

(અ) 'રામ' - રણયજ્ઞનાં એક મહાન વીર યોદ્ધા

(બ) 'રાવણ' - લૌકિકતામાંથી અલૌકિકતા તરફ ગતિ કરતું પાત્ર.

૪ (અ) ટૂંક નોંધ લખો : (કોઈ પણ **એક**) ૮

(૧) 'રણયજ્ઞ'નો મુખ્ય રસ.

(૨) 'રણયજ્ઞ'માં પ્રેમાનંદની રસનિષ્પત્તિ કળા.

(બ) પૂર્વાપર સંબંધ દર્શાવી સમજાવો : (ગમે તે **બે**) ૧૦

(૧) ''સાંભળી મંત્રી તણાં વચન, ક્રોધ કરી બોલ્યો રાજન;
કરો સેના મારી સાવધાન, ઉતારું માનવનું અભિમાન.''

(૨) ''તે માયા સ્ત્રી કહે રામને, મુને મુકાવો રઘુનાથ;
આ પતિત મુજને મારશે, ઓ ખડ્ગ લીધું હાથ.''

(૩) ''વિલયે સુલોચના સુંદરી, આક્રંદ કરે ત્યાં મંદોદરી;
હાહાકાર કરે લોકસમસ્ત, ''ભાઈ લંકાદિનકર પામ્યો અસ્ત.''

(૪) ''ધન્ય રામ રઘુકુળનો ઈંદુ, સ્ત્રી માટે વઢે આમ;
પ્રત્યક્ષ દેખો ને નવ બોલો, બલનષ્ટ થયા શું સ્વામ !''.